# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: આરતી ભટ્ટ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૨૩-૦૮-૨૦૨૪ શુક્રવાર                    સમય : સાંજે ૬:25 કલાકે**

---

## ખેડૂતોને આર્થિક સહાય:

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને આર્થિક સહાય આપતું ૩૫૦ કરોડ રૂપિયાનું કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે.   વિધાનસભા ગૃહમાં કૃષિમંત્રી રાઘવજી પટેલે   આ રાહત પેકેજની જાહેરાત કરી છે. કેટલાંક જિલ્લામાં ગત જુલાઈ માસ દરમિયાન વરસેલા વરસાદના પરિણામે પાકોને વ્યાપક નુકશાન થયું હતુ.

રાજ્યના ૪૫ તાલુકાઓનો ૪ લાખ છ હજાર  ૮૯૨ હેક્ટર વિસ્તાર અસરગ્રસ્ત થયો હતો. આ અસરગ્રસ્ત વિસ્તારના આશરે એક લાખ પચા  સ હજારથી વધુ અસરગ્રસ્ત ખેડૂતોને સહાય આપવામાં આવશે.

અસરગ્રસ્ત ખેડૂતોને  સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડના ધારા-ધોરણ મુજબ  , પાક નુકશાની માટે સહાય અપાશે. જેમાં ખરીફ બિનપિયત ખેતી પાકોમાં ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે ૧૧ હજાર  રૂપિયા પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય અપાશે. જ્યારે  પિયત પાકોના ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે ૨૨   હજાર રૂપિયા પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય અપાશે.

આ ઉપરાંત બહુવર્ષાયુ બાગાયતી પાકોના ૩૩ ટકા કે તેથી વધુ  નુકસાન માટે ૨૨ હજાર ૫૦૦ પ્રતિ હેક્ટર લેખે મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય અપાશે.

આ ઉપરાંત જે કિસ્સામાં સહાય ચૂકવવા પાત્ર રકમ ૩   હજાર ૫૦૦ કરતાં ઓછી થતી હોય, તો તેવા કિસ્સામાં ખાતાદીઠ ઓછામાં ઓછા ૩ હજાર ૫૦૦ ચૂકવાશે..

- (RNU અમદાવાદ)

---

## પ્રથમ રાષ્ટ્રીય અવકાશ દિન-ઉજવણી:

રાજ્ય સહિત  દેશભરમાં પ્રથમ રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. રાષ્ટ્રીય  અવકાશ દિવસની આ વર્ષની થીમ    છે- "ચંદ્રમાને સ્પર્શ કરતા જીવનને સ્પર્શ કરવો: ભારતની અવકાશ ગાથા." ઉલ્લેખનીય છે કે,  23 ઓગસ્ટ, 2023એ ચંદ્રના દક્ષિણ ધ્રુવ

પર ચંદ્રયાન-3 નું સોફ્ટ લેન્ડીંગ કરીને ભારતે ઇતિહાસ રચ્યો હતો, જેની ઉજવણીના ભાગરૂપે આજે પ્રથમ રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.

- (RNU અમદાવાદ)

---

## મન કી બાત-પ્ર. મોદી:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે 11 વાગ્યે, આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત કાર્યક્રમ' દ્વારા પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની માસિક કડીનો આ 113મો એપિસોડ હશે.

આ કાર્યક્રમ આપ આકાશવાણી , દુરદર્શન, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ પર સાંભળી શકશો.

આ ઉપરાંત આકાશવાણીની અંગ્રેજી , હિન્દી તેમજ પ્રાદેશિક ભાષાઓની યુટ્યૂબ ચેનલ ઉપર પણ આપ તેને સાંભળી શકશો. આકાશવાણી પરથી મુખ્ય કાર્યક્રમ બાદ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

- (RNU અમદાવાદ)

---

## સાતમ-આઠમ મેળા-રાઇડ્સ પ્રમાણપત્ર:

ભુજના હમીરસર કાંઠે આગામી દિવસોમાં સાતમ આઠમનો મેળો યોજવામાં આવશે જે અંગે ભુજ નગરપાલિકાના જણાવ્યા અનુસાર મેળામાં ચગડોળ જેવી રાઇડ્સ ને સ્ટેબિલિટી પ્રમાણપત્ર હોવું અનિવાર્ય જણાવ્યું હતું. જો પ્રમાણપત્ર વિના આવા ચકડોળ રાખવામાં આવશે અને અકસ્માત સર્જાય તો તેની તમામ જવાબદારી ઠેકેદારની રહેશે એવી સ્પષ્ટતા લેખિતમાં કરવામાં આવી હોવાના અહેવાલ છે.

- (NP, આરતી ભટ્ટ)

---

## કચ્છ-સંક્ષિપ્ત મતદાર યાદી:

કચ્છ જિલ્લામાં 18 ઓક્ટોબર 2024 સુધીમાં સંક્ષિપ્ત મતદાર યાદી સુધારણા કાર્યક્રમ હેઠળ ડોર ટુ ડોર સર્વેની કામગીરી કરવામાં આવી રહી છે ત્યારબાદ ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવશે જેમાં મતદાર યાદીમાં વિસંગતતાઓ દૂર કરવા , ફોટોગ્રાફને સારી ગુણવત્તાવાળો કરવા તેમજ અપડેટ સહિતની કામગીરી 18 ઓક્ટોબર સુધી કરવામાં આવશે ત્યારબાદ 19 થી 28

ઓક્ટોબર સુધી પુરવણી યાદી અને સંકલિત મુસદ્દા મતદાર યાદી તૈયાર કરવામાં આવશે . ત્યારબાદ 29 ઓક્ટોબર 2024 ના તે પ્રસિદ્ધ કરવામાં આવશે.

- (NP, આરતી ભટ્ટ)

---

## રક્ષક વન-પ્રવાસીઓ:

વન વિભાગે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં અલગ અલગ થીમ આધારિત વનોનું નિર્માણ કર્યું છે. તે અંતર્ગત વર્ષ ૨૦૧૮માં કચ્છ જિલ્લાના ભુજ-ખાવડા રોડ પર વિશાળ વિસ્તારમાં રક્ષકવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. જિલ્લાની ગૌરવશાળી વીરાંગનાઓની અમર શૌર્યગાથા અને ભારતીય જવાનોની બહાદૂરીને સમર્પિત આ રક્ષકવન પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે અને તેના લીધે આજુબાજુના લોકોને રોજગારી પણ ઉપલબ્ધ થઈ છે. અત્યાર સુધી સાત લાખથી વધુ પ્રવાસીઓએ ભુજના રક્ષકવનની મુલાકાત લીધી છે.

- (મા. ખા. ભુજ)

---

## વ્યાજબી ભાવ દુકાન-પરવાનો રદ્દ:

લખપત તાલુકાના પાન્ધ્રો ગામે આવેલી પાન્ધ્રો-3ની વ્યાજબી ભાવની દુકાનની આકસ્મિક તપાસણી હાથ ધરવામાં આવી હતી. આ દુકાનની તપાસણી દરમિયાન ગંભીર ક્ષતિઓ જણાઈ આવતા જિલ્લા પુરવઠા અધિકારીશ્રી દ્વારા દુકાનનો પરવાનો કાયમી ધોરણે રદ કરવામાં આવ્યો હતો.

- (મા.ખા. ભુજ)

---